## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 9

આશાજી તખતે બેઠા કોઈ કોઈ જાણે, જેણે જીવે યાં ચેત્યાજી;
બીજાન તોલ્યાનું જારે ઠામજ હોશે, હોશે તે એણે ઠામ.
હરી० (૧૦૧)

આશાજી ગુર અવતારે બહુ ગુર આવ્યા, તે માંહે સારંગધર જાણોજી;
ગુર હસનશાહને વરજ આપ્યા, આપ્યા તે અનંતનું જાણો.
હરી० (૧૦૨)

આશાજી સરવે જીવના લેખા થાશે, થાશે તે જંપુદ્દીપમાંહેજી;
જે જીવ ખોટા તીસદીન હોશે, હોશે તે નરગ દુઆર. હરી. (૧૦૩)

આશાજી પેટ કારણ પાપ કમાવે, તે ભઠ પડયા અવતારજી;
આગલ જાતાં ખોટા પડશે, તે જાશે નરગ દુઆર. હરી० (૧૦૪)

આશાજી માનખા અવતાર ઉત્તમજ કીધા, અને કીયા સો ઉત્તમજ કામજી;
દસોંદ વિના નીચા કહેવાશે, તેની સાંખ ન પોતી આએ....
હરી० (૧૦૫)

આશાજી શુડ દસોંદ ને મુજજ ધરમ, ફલ તે મુનીવર જાણોજી;
હાલ વાયકે ગતમાંહે ગુજારો, તો પોહોંચે ગુરનરને હાથ
હરી० (૧૦૬)

આશાજી કરો દયા ને મહેરજ આણો, માહુદન અમને છોડાવોજી;
ફરમાન કરી નરજી બોલ્યા, ચાલો તે ગુર ગીનાન. હરી० (૧૦૭)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 9 (continued)

આશાજી કરતા જુગમાંહે ધરમજ કરતા, જીવડા છુટા અપારજી;
ત્રેતા જુગમાંહે તપજ હુઆ, તો જીવડા છુટા અપાર. હરી. (૧૦૮)

આશાજી દુઆપુર જુગમાંહે ઉતપુત કીધા, ને ઉતમ જીવ ઉપનાજી;
દુઆપુર જુગમાંહે જીવ તારીને મેલ્યા, તે પોતા દેવ દુઆર.
હરી० (૧૦૯)

આશાજી કલજુગ પાપી મધમજ ઉપનુ, તે માંહે જીવડા છુટાજી:
પીર સદરદીન બંદગી કીધી, તારે બાર કરોડ જીવ છુટા હરી. (૧૧૦)

આશાજી બાકી કલમાંહે છાશજ રહી, તે આવી અમારે હાથજી;
દાડો ચડતે વીણુસી જાશે, તે માંહેથી કોણ જીવ આવે. હરી० (૧૧૧)

આશાજી કલજુગ પુરો બરાબર વએસે, તપે તે કોઈ નહીં જાગેજી:
પાપ કરી જ્યારે હમ પાસે આવે, તો તપે સોહી જીવ છોડાવે.
હરી० (૧૧૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)